SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 'ઘેર જતાં' સર્જકના બાળપણનું સ્મૃતિચિત્ર

*પ્રજાપતિ કિંજલકુમાર રમણલાલ*

ગુજરાતના અગ્રણી આધુનિક ચિત્રકાર, કલાગુરુ, કવિ અને નિબંધકાર એવા ગુલામમોહમ્મદ શેખ સાહિત્યજગતમાં સારું એવું નામ ધરાવે છે. ચિત્રકલાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને ગુલામમોહમ્મદ શેખ ચિત્રકલામાં ઓગળી ગયા છે. ચિત્રકલાના પ્રાધ્યાપક તરીકે તેમણે ઘણી જગ્યાએ સેવા આપી અનેક વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું છે. ચિત્રકલા માટે ગુલામમોહમ્મદ શેખને ભારત સરકાર દ્વારા 1983માં 'પદ્મશ્રી'નો ખિતાબ મળે છે. 1998માં ગુજરાત સરકારે 'રવિશંકર રાવળ એવોર્ડ' તથા 2002માં મધ્યપ્રદેશ સરકારે 'કાલિદાસ સન્માન' આપ્યું છે. તેમણે લખેલા પુસ્તકો 'અમેરિકન ચિત્રકલા' અનુવાદ 1964, 'અથવા' કાવ્યો 1974, 'દશ્યકળા' લલિતકલાદર્શન 1996, 'અથવા અને' કાવ્યો 2013, 'નીરખે તે નજર' દશ્યકળા વિષયક લખાણો 2016, 'ઘેર જતાં' નિબંધસંગ્રહ 2018, જેવા પુસ્તકો તેમની પાસેથી મળે છે. તેમનું 'ઘેર જતાં' પુસ્તકને તેઓ આત્મકથાનાત્મક પુસ્તક ગણાવે છે જેમાં કેફિયત અને તેર નિબંધો સમાવિષ્ટ છે. અહીં 'ઘેર જતાં' નિબંધનો અભ્યાસ કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

નિબંધસંગ્રહમાં પ્રથમ લેખક પોતાની કેફિયત આપે છે, જેમાં તેમણે જીવેલા જીવનનો આપણને આછો પરિચય મળે છે. લેખક પોતાના ત્રણ જન્મ ગણાવે છે : પ્રથમ જ્યાં તેઓ જન્મ્યા તે ઘાંચીવાડ - વઢવાણ - સુરેન્દ્રનગર. જ્યાં તેમણે જૂના મકાનો, મેડિઓ, ખડકી, નળિયા, ગાર, માળિયું, પટારો, ડામચિયો, ચાકળો, ગાર-માટીનો ચૂલો, પાણીયારું વગેરે ગ્રામીણ વાતાવરણમાં બાળપણ પસાર કર્યું તેની વિગતો આપે છે. હદપાર વગરની ગરીબીનો સામનો કર્યો, "આગલી ઓરડીએ હળવા પાથરણે અને ફળિએ, કાથીના ખાટલા પડે ત્યાં ચાર ભાઈ ને એક બેનનો વસ્તાર કેમ સમાતો એનો આજેય અબંબો" (પૃષ્ઠ-10) શરૂઆતના આઠ પાનામાં લેખકે પોતાના બાળપણની, પરિવારની આર્થિક પરિસ્થિતિની, ગરીબી અને સંઘર્ષની, પિતા અને દાદાના કુટુંબનો પરિચય, જ્યાં તેઓ જન્મ્યા એ માહોલ, પાડોશીઓ અને જીવન ઘડતરની સરસ નોંધ આપી છે. સાહિત્યમાં કવિતામાં લેખકનો પ્રવેશ થયો એ બાબત તેઓ નોંધે છે – "કવિતા ક્યાંથી આવી એની ભાળ નથી પણ ૧૯૫૦ના ગાળે લાભશંકર રાવળ ભણાવવા આવ્યા એમની સંગતે ઊછડી" (પૃષ્ઠ-15) એ સમયના સાહિત્યલેખનના પોતાના પ્રયત્નો બાબતે લેખક જણાવે છે, "કવિતાઓ ઘણી લખી, મોટા ભાગની માત્રામેળ, ગવાય તેવી. છંદોય અજમાવ્યા, ગઝલનો અખતરો કરી જોયો પણ એ અંદર ઊતરી નહિ. વાર્તાઓય ઘસડી, મુખ્યત્વે ગામડાંના જીવનની, કાઠિયાવાડી બોલીમાં." (પૃષ્ઠ-16) રવિશંકર રાવળના માધ્યમથી લેખકને ઘણું પ્રોત્સાહન મળે છે. સૌરાષ્ટ્ર સરકારની શિષ્યવૃતિના લાભે મેટ્રિક પાસ કરી લેખક વડોદરા ઉપડે છે, જેને તેઓ પોતાનો બીજો જન્મ ગણાવે છે.

વડોદરા જઈ લેખકે ફાઇન આર્ટ્સનો અભ્યાસ કર્યો. આર્થિક તંગી વેઠીને પણ કલાનો ઊંડો અભ્યાસ લેખક કરે છે. તેઓ આનંદને વ્યક્ત કરતા જણાવે છે – "સમૃદ્ધ લાઇબ્રેરી, દેશના, પરદેશના વિદ્યાર્થીઓ અને સમોવડી વિદ્યાર્થિનીઓની સંગાથે જુવાની ફૂટી ને દુનિયાને દેખવાની દૃષ્ટિ બદલાઈ. સૌથી વિશેષ તો સર્જનાત્મકતાનો વિકલ્પ ધાર્મિકતાના વાડા વળોટી ગયો." (પૃષ્ઠ-17) ગામ છોડી વડોદરા આવી લેખક ઘણી નવી અનુભૂતિ અને દુનિયાના દર્શન કરે છે. કૉમનવેલ્થ શિષ્યવૃત્તિનો લાભ મેળવી લેખક લંડન નીકળે છે, જેને તેઓ પોતાનો ત્રીજો જન્મ ગણાવે છે. ત્યાં લેખક વિવિધ સ્થળોએ જઈ પ્રકૃતિ અને કલાનો અનુભવ કરે છે. વિશિષ્ટ વ્યક્તિઓનો પરિચય મેળવે છે અને પોતાની ચિત્રકલા પ્રત્યેની નિસ્બતનો વ્યાપ વધારે છે. ત્યાર પછી પોતે સૌરાષ્ટ્રના રસ્તે આવી વતન સ્થાયી બને છે. આમ લેખક ગુલામમોહમ્મદ શેખ અહીં કેફિયતમાં પોતાની જીવનની ઝાંખી કરાવે છે. હવે તેમના 'ઘેર જતાં' નિબંધનો સમીક્ષાત્મક અભ્યાસ કરીએ.

'ઘેર જતાં' નિબંધમાં લેખક વિરમગામ રેલવે સ્ટેશન, રેલગાડી, જમીન, ખેતર, નદી, ઘર, બારી, ઓરડો, ફાનસનું અજવાળું, અંધકાર, તડકો, કસાઈખાનું, વીજળીના તાર, ઘોડાગાડી વગેરે બાળપણ સાથે સંકળાયેલી ઘટનાઓને કલાત્મક રીતે વ્યક્ત કરે છે. રેલગાડીની મુસાફરી

લેખકે ઘણીવાર કરી છે એવું નથી, પણ રેલગાડી સાથે લેખકને બાળપણથી જ આગવો સંબંધ છે. તેઓ લખે છે – "રેલગાડીનો મારા બાળપણ સાથે અવિસ્મરણીય સંબંધ છે. કદાચ મને વધારેમાં વધારે તિરસ્કાર હતો રેલગાડીથી. બાળપણથી જ મને લાગતું કે એ માણસના મનને એક ભૂમિમાંથી બીજી ભૂમિમાં રોપવાનો દાવો કરતી રાક્ષસી છે" (પૃષ્ઠ-25'26) બાળપણથી જ રેલગાડી લેખકના મનને ઉસકાવે છે અને વિચારોના, ચિંતનના ચગડોળે ચડેલા લેખક ઘરેથી દૂર થયા પછી પણ એ વિચારવિશ્વને ભૂલ્યા નથી, "જ્યારે જ્યારે હું રેલગાડીમાં બેસું છું ત્યારે મારા પગમાં બાઝેલી ધૂળમાં થઈને ઝણઝણાટી ઊપડે છે, તેથી દરેક રેલગાડી કાં તો ઘરની નજીક જતી દેખાય છે અથવા ઘરથી દૂર. ઘરની ધ્રુવ રેખાની આજુબાજુ રેલગાડીઓ ભમ્યા કરે છે." (પૃષ્ઠ-26)

લેખક જ્યાં રહે છે તે ઘાંચીવાડનો, ત્યાંના માહોલનો પણ પરિચય કરાવે છે. આજુબાજુમાં રહેતા કસાઈ છોકરાઓની વૃત્તિ અને તેમનો વ્યવસાય લેખકને પસંદ નથી. તેઓ નોંધે છે, "કસાઈખાનું બંધ હોય ત્યારે એના બે ગંદા ઓરડામાં, ગંધાતા ઝાડના થડિયા પર કપાયેલા માંસની વાસ જાણે કે હજારો મરેલાં જાનવરોને ફરી જીવતાં કરતી હોય તેમ બિવરાવતી." (પૃષ્ઠ-27) લેખક ઘેર જતા હોય છે ત્યારે વિરમગામ સ્ટેશનથી જ આ ઘટનાઓ તાજી થવા લાગે છે. નદીની રેતીમાં ચાલતા ખૂંચી જતા પગ, છીછરી નદીના પાણીમાં ભીંજાતા પગ, બત્તીના તાર પર એક પછી એક આવીને બેસતાં પંખીઓ કાબર, કબૂતરો, કાગડા, ચામાચીડિયાં, સમડીઓ, રાત્રે મચ્છરને ભગાડવાના પ્રયત્નો, પેસેન્જરોને ભરી લાવતી ઘોડાગાડીનો અવાજ વગેરેના સંસ્મરણો ભાવકના મનને એટલા જ રોમાંચિત કરે છે. અંતે લેખક પોતાની સંવેદના વ્યક્ત કરે છે, "અહીંયાં ફાનસનું આછું અજવાળું નથી. વીજળીનો પ્રકાશ કરવાની હિમ્મત નથી. મારા ઘરનાં બંધ બારણાં બહારની લાદી પર ઘેરો અંધકાર લીંપાયેલો છે. એના ઉપર થઈને માતેલ સાપણ જેવી હવા ધીમે ધીમે ખસે છે. પાસેના લીમડાની ડાળીએ બેઠેલી ચીબરી ઝરેરાટ કરી ઊઠે છે..." (પૃષ્ઠ-29'30) આમ લેખક ઘર સાથે જોડાયેલા સંસ્મરણોનું અહીં કલાત્મક રીતે નિરૂપણ કરે છે.

'ઘેર જતાં' નિબંધસંગ્રહના બીજા નિબંધો 'વગડાના જીવ', 'દીવાલ', 'ભાઠું', 'દાદા', 'મા', 'ઉતાર', 'ભાઈ', 'ગોદડી', 'રેસિડેન્સી બંગલો', 'કાયનાન્સ', 'શિયાળુ સવાર', 'ઘર ખોળ્યાં, ખોયાં ને મળ્યાં' નિબંધોમાંથી લેખકના સંઘર્ષમય જીવનનો પરિચય મળે છે. તેમણે વેઠેલી આર્થિક તંગી, પ્રકૃતિ અને જનાવરો સાથેનો પ્રેમ, ઘર સાથેના સંસ્મરણો, પરિવારના સભ્યો, માતા-પિતા અને ભાઈઓ, પત્ની અને તેનું પિયરનું ઘર, શિયાળા અને ચોમાસાની ઋતુ, તડકો છાંયો, નદી, ખેતર વગેરે સંદર્ભો અને તેમની સાથે જોડાયેલી ઘટનાઓને લેખક અહીં નિબંધોમાં ઊંડાણપૂર્વક રજૂ કરે છે. એ ઘટનાઓ સાથેનો તેમનો ભાવ, લગાવ તેમની અંત ઘડી સુધી એવો ને એવો રહ્યો હશે એવું આપણે કહી શકીએ. લેખકે ભાષા પાસેથી પણ ઘણું સરસ કામ લીધું છે. એમને કરેલા વર્ણનો આપણા મનમાં દૃશ્યાત્મક સંકેતો ઊભા કરે છે. આમ, 'ઘેર જતાં' નિબંધસંગ્રહ ગુજરાતી નિબંધ સાહિત્યનો એક ઉત્તમ સંગ્રહ બની રહે છે.

સંદર્ભ

(૧) 'ઘેર જતાં' લે. ગુલામમોહમ્મદ શેખ, પ્રકાશન ક્ષિતિજ સંશોધન કેન્દ્ર, આવૃત્તિ 2018